	જનસંપર્ક અધીકારી દ્વારા પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર (P.R.O.) ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩ કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦	

તા.૨૧/૦૪/૨૦૨૨ ગુરૂવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં

આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૭૦૪/૨૦૨૨

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૨૦/૦૪/૨૦૨૨ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

અ. નં	ગુન્હાનો પ્રકાર	નોધાયેલ FIR ની સંખ્યા			અટક કરેલ આરોપીની સંખ્યા		
		ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ	ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ
૧	કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951	૧૧૭૪૬	૦	૧૧૭૪૬	૧૭૮૫૨	૦	૧૭૮૫૨
૨	કલમ ૨૬૯, ૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005	૪૭૩૩	૦	૪૭૩૩	૬૨૮૨	૦	૬૨૮૨
3	કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો)	૧૩૭	૦	૧૩૭	૪૧૬	૦	૪૧૬
૪	Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ	૮૪૦૭૪	૦	૮૪૦૭૪	૮૫૦૪૪	૦	૮૫૦૪૪
કુલ		૧૦૦૬૯૦	૦	૧૦૦૬૯૦	૧૦૯૫૯૪	૦	૧૦૯૫૯૪

પત્રક-૨			
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા	MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૧૬	૩,૭૫,૨૦૦/-

પત્રક-૩			
જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા	વસુલ કરવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૦૦	૦૦/-

ચોરીના ગુનાના આરોપીની અટકાયતની વિગત

ઘાટલોડીયા પોલીસ સ્ટેશન

ઘાટલોડિયા પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી મોબાઇલ ફોનની ચોરી કરનાર ઇસમને ઝડપી પાડતી ઘાટલોડીયા પોલીસ

મે શ્રી સંજય શ્રીવાસ્તવ પોલીસ કમીશ્નર શ્રી અમદાવાદ શહેર નાઓના હુકમથી તથા શ્રી આર.વી.અસારી સાહેબ અધિક પોલીસ કમી.શ્રી સેકટર-૧ તથા ઇન્ચાર્જ નાયબ પોલીસ કમિ.શ્રી ઝોન-૧ શ્રી ભારતી પંડયા તથા ઇન્ચાર્જ મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી "એ" ડિવીઝન શ્રી એલ.બી.ઝાલા. નાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ પોલીસ સ્ટેશન વિસ્તારમાં મિલ્કત સબંધી ગુનાઓ અટકાવવા તથા શોધવા કરેલ હુકમ આધારે સીનીયર પોલીસ ઇન્સ્પેકટર શ્રી વાય.આર.વાઘેલા સાહેબ નાઓના સુપરવીઝન હેઠળ ઘાટલોડીયા પોલીસ સ્ટેશન સર્વેલન્સ સ્કોડ ના એ.એસ.આઇ કમલેશભાઇ કાળાભાઇ બ.નં-૮૬૧૩ નાઓ સાથેના સ્ટાફના માણસો સાથે પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા દરમ્યાન અનાર્મ લોકરક્ષક ગંગારામ રૂપસીભાઇ બ.નં.૧૨૦૨૧ નાઓને મળેલ બાતમી હકીકત આધારે મોબાઇલ ચોરીનો ગુનો આચરેલ ઇસમને ચોરીના મોબાઇલ ફોન નંગ-૦૨ સાથે ઝડપી પાડી કુલ-૦૧ ગુનાનો ભેદ ઉકેલી પ્રસંશનીય કામગીરી કરેલ છે. તા-૨૦/૦૪/૨૦૨૨

આરોપીનુ નામ સરનામુ-

કેયુરકુમાર ઉર્ફે સચીન સ/ઓ આનંદભાઇ મણીલાલ પટેલ ઉ.વ.૨૪ ધંધો-બેરોજગાર રહેવાસી-ડી/૭૦૩, શ્રીજી રેસીડેન્સી, રીલાયન્સ પેટ્રોલપંપની ગલીમા, વસ્ત્રાલ રીંગરોડ, વસ્ત્રાલ અમદાવાદ શહેર મુળ ગામ- કંથરાવી તા.ઉંજા જી.મહેસાણા

કબ્જે કરેલ મુદામાલ :

(૧) POCO કંપનીનો મોબાઇલ ફોન જે M2-PRO મોડલનો જેનો IMEI-868885054048934 તથા IMEI-868885054048942 નો છે જે મોબાઇલ ફોનની કિંમત રૂ.૫૦૦૦/- ગણી શકાય તથા (૨) સેમસંગ કંપનીનો કાળા બ્લ્યુ કલરનો A-32 મોડલનો મોબાઇલ ફોન જેનો IMEI-353089180371516 તથા IMEI-354882670371510 નો છે જેની કિંમત રૂ.૧૦૦૦૦/- ગણી શકાય જે બન્ને મોબાઇલ ફોન ની કુલ્લે કિં.રૂ/- ૧૫,૦૦૦/- ગણી શકાય

ડીટેકટ થયેલ ગુનો:-

નં-(૧) ઘાટલોડિયા પોલીસ સ્ટેશન એ-ગુ.ર.નં-૧૧૧૯૧૦૪૨૨૦૨૬૫/૨૦૨૨ ધી ઇ.પી.કો. કલમ ૩૭૯ મુજબ

કામગીરી કરનાર અધિકારી તથા કર્મચારીઓ :

એ.એસ.આઇ કમલેશભાઇ કાળાભાઇ બ.નં.૮૬૧૩ તથા અનાર્મ હેડ કોન્સ પુનમભાઇ વિઠ્ઠલભાઇ બ.નં.૭૭૫૧ તથા અનાર્મ પો.કોન્સ. કરશનભાઇ ગોવાભાઇ બ.નં ૧૦૨૦૯ તથા અનાર્મ પો.કોન્સ. ઇશ્વરભાઇ મોતીભાઇ બ.નં-૧૨૮૩૩ તથા અનાર્મ લોકરક્ષક ગંગારામભાઇ રૂપસીભાઇ બ.નં-૧૨૦૨૧



નશાબંધી અને જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૭૦૫/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૭ કેસ કરી, ૨૫ વ્યક્તિઓને ઝડપી, ૧૧૮ લીટર દેશી દારૂ, ૧૧૫૪ બોટલ ઈંગ્લીશ દારૂ, ૩૫ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ અને ૧ રિક્ષા કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૧ કેસ કરી ૧ વ્યક્તિને ઝડપી રોકડ રૂપિયા ૩૩૬૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૭૦૬/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૪૧ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ હેઠળ ૨ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

છેતરપીંડી અને વિશ્વાસઘાતઃ- **સમાચાર યાદી નં.૭૦૭/૨૦૨૨**

નવરંગપુરાઃ અનુજ હરીશજી ગોલેછા (ઉ.વ.૩૮) (રહે. વૈભવ એપાર્ટમેન્ટ મોતી ડુંગરી સર્કલ જયપુર રાજસ્થાન) એ તા.૨૦/૦૪/૨૦૨૨ ના રોજ નવરંગપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૭/૦૧/૨૦૨૨ થી તા.૨૦/૦૪/૨૦૨૨ સુધીના સમયગાળા દરમ્યાન નવરંગપુરા સી.જી.રોડ "બાલાજી પેરાગોન" ઓફીસ નં-૩૦૪ ખાતેથી આરોપી (૧) અભય જૈન અને (૨) લિકેશ વલાણી (રહે. વિશ્વાસ ફલેટ નયનનગર કૃષ્ણનગર સૈજપુર બોઘા અમદાવાદ) એ અનુજ ગોલેછાને વિશ્વાસમાં લઈ "બાલાજી પેરાગોન" ઓફીસ ખાતે બોલાવી જડતર અને ડાયમંડના ૭ પોલકી (વેલંદી) સેટ કિંમત રૂપિયા ૩૩,૦૦,૨૯૩/- મેળવી લઈ તે પેટેના રૂપિયા કે સેટ પરત નહી આપી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એલ.એન.સાંસલા ચલાવે છે.

ચોરીઃ- **સમાચાર યાદી નં.૭૦૮/૨૦૨૨**

વાડજઃ વસંતભાઈ વિરમજીભાઈ પટણી (રહે. હંશ એપાર્ટમેન્ટ ગાયત્રી મંદીર પાસે જુના વાડજ) એ વાડજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૯/૦૪/૨૦૨૨ રાતના ૮/૩૦ થી તા.૨૦/૦૪/૨૦૨૨ સવારના ૭/૦૦ વાગ્યા દરમ્યાન રહેણાંક નજીક પાર્ક કરેલ પોતાની કારના દરવાજાનો કાચ તોડી અજાણી વ્યક્તિ કારમાંથી ડીજીટલ ડિસપ્લે કંટ્રોલ યુનીટ કિંમત રૂપિયા ૨,૦૦,૦૦૦/- ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આર.બી.રાજપુત ચલાવે છે.

ઇસનપુરઃ સંદીપભાઇ કીરીટભાઇ પટેલ (રહે. પટેલવાસ પાંચઘરા ગામ-નૈનપુર તા.મહેમદાવાદ જી-ખેડા) એ તા.૨૦/૦૪/૨૦૨૨ ના રોજ ઇસનપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૮/૦૪/૨૦૨૨ બપોરના ૪/૩૦ વાગ્યાના સુમારે ઇસનપુર-નારોલ હાઇવે ખાતે આવેલ દર્શન સાઇકલ નામની દુકાન આગળ પાર્ક કરેલ પોતાની બોલેરો ગાડીના દરવાજાનો કાચ તોડી અજાણી વ્યક્તિ બોલેરો ગાડીમાંથી બેગ ચોરી કરી લઈ ગઈ હતી. જે બેગમાં રોકડ રૂપિયા ૯,૦૦,૦૦૦/- હતા. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી વી.એન.પરમાર ચલાવે છે.

સોનાની ચેઈન ઝુટવી લઈ ગયાઃ- **સમાચાર યાદી નં.૭૦૯/૨૦૨૨**

અમરાઇવાડીઃ મનુભાઇ જયરામભાઇ પરમાર (ઉ.વ.૫૩) (રહે. સંત વિનોબાભાવેનગર ઉતમ ડેરી પાસે સુખરામનગર રખિયાલ) તા.૨૦/૦૪/૨૦૨૨ સવારના ૬/૦૦ વાગ્યાના સુમારે અમરાઇવાડી ચાચાનગર સામેથી ચાલતા-ચાલતા પસાર થઈ રહ્યા હતા ત્યારે કાળા રંગના એક હોન્ડા મોટર સાઇકલ ઉપર આવેલ બે પુરૂષ મનુભાઈ પરમારના ગળામાંથી સોનાની ચેઈન કિમત રૂપિયા ૧,૨૫૦૦૦/- ઝુટવી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ મનુભાઈ પરમારે અમરાઇવાડી પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એન.એમ.બારોટ ચલાવે છે.

ત્યજી દિધેલ મૃત શિશુ મળી આવવા બાબતઃ- **સમાચાર યાદી નં.૭૧૦/૨૦૨૨**

માધવપુરાઃ તા.૨૦/૦૪/૨૦૨૨ સવારના ૬/૪૦ વાગ્યાના સુમારે દુધેશ્વર સુમેલ-૬ જી-બ્લોકના પાછળના ભાગે દુકાન નં.જી-૪૦ આગળથી ત્યજી દીધેલ મૃત શિશુ મળી આવતા માધવપુરા પોલીસે અજાણી વ્યક્તિ વિરૂધ્ધ ગુનો નોધી આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે.આર.પટેલ ચલાવે છે.

આત્મહત્યાઃ- **સમાચાર યાદી નં.૭૧૧/૨૦૨૨**

રિવરફ્રંટ વેસ્ટઃ પિયુશકુમાર ભાણુભાઇ પરમાર (ઉ.વ.૨૨) (રહે.મગન કુંભારની નવી ચાલી નગરી મીલ સામે ગોમતીપુર) એ અગમ્ય કારણસર તા.૨૦/૦૪/૨૦૨૨ કલાક ૬/૦૦ વાગ્યા પહેલા સરદારબ્રીજ પાસે વોક-વે નજીક નદીમાં પડતુ મુકી આત્મહત્યા કરી હતી. આ અંગે રિવરફ્રંટ વેસ્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ વુ.હે.કો.મીનાબહેન પુંજાભાઈ ચલાવે છે.

એલીસબ્રીજઃ કિરણકુમાર રમેશચન્દ્ર વાઘેલા (ઉ.વ.૨૩) (રહે. ભુદરપુરા નવી આવાસ યોજના રામીરમણલાલની ચાલી ભુદરપુરા આંબાવાડી) એ અગમ્ય કારણસર તા.૧૯/૦૪/૨૦૨૨ રાતના ૧૧/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે એલીસબ્રીજ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી રજાકભાઈ ભીખાભાઇ ચલાવે છે.

વટવાઃ માનવ સ/ઓ નિલેશકુમાર શાહ (ઉ.વ.૧૬) (રહે.આશાપુરી રેસીડન્સી મંથનની બાજુમાં મહાલક્ષ્મી કોર્નર વટવા) એ અગમ્ય કારણસર તા.૨૦/૦૪/૨૦૨૨ કલાક ૧૧/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખા સાથે સાડી બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે વટવા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી મહેન્દ્રભાઇ મગનભાઇ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.